RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 190 * Date: 01.05.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## અક્ષય તૃતિયાએ ચારધામ યાત્રા શરૂ,ગંગોત્રી-યમુનોત્રી ધામના કપાટ ખુલ્યાં,શ્રદ્ધાળુઓ ઉમટ્યાં



આજે અક્ષય તૃતિયાના દિવસે ગંગોત્રી-યમુનોત્રી ધામના કપાટ ખોલી દેવામાં આવ્યા છે. આ સાથે જ આજે અક્ષય તૃતિયાથી લગભગ ૬ મહિના સુધી ચાલનારી ચાર ધામ યાત્રાની શરૂઆત થઈ ગઈ છે. આ દરમિયાન આજે સવારે માતા ગંગાની પાલખી મુખભાથી ગંગોત્રી ધામ પહોંચી હતી. રાજપૂતાના રાઈફલ્સ બેન્ડની ધૂન વચ્ચે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ગંગાની પૂજા-અર્ચના કરી હતી. બાદમાં હેલિકોપ્ટરથી મંદિર પર પુષ્પવર્ષા પણ કરાઈ હતી. આ પૂજા વખતે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. ગંગોત્રી બાદ યમુનોત્રી ધામના કપાટ પણ ખોલી દેવાયા હતા, જેમાં ૧૦ હજારથી વધુ શ્રદ્ધાળુ હાજર રહ્યા હતા. યમુનોત્રી ધામમાં માતા યમુનાના આગમન અને તેમના પિયર ખરસાલી ગામમાં યમુનાજીના વિદાયની તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે. આ અવસરે ઘણાં પ્રવાસીઓ પહેલાથી જ આવી ચૂક્યા છે. અક્ષય તૃતિયાના શુભ અવસરે માતા યમુનાની પાલખી આજે સવારે ૮:૩૦ વાગ્યે ખરસાલી ગામથી યમુનોત્રી ધામ રવાના થઈ હતી. બાદમાં ધામ પહોંચ્યા પછી સ્નાન વગેરે બાદ શ્રદ્ધાળુઓ માટે મંદિરના કપાટ ખોલવામાં આવ્યા હતા.

આ વખતે પ્રવાસીઓને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે વહીવટીતંત્રે આ નિયમો બનાવ્યા છે. આ વખતે યાત્રા રૂટ પર કુલ ૬૨૪ સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. ચારધામ યાત્રા રૂટને ૧૫ સુપર ઝોન, ૪૧ ઝોન અને ૨૧૭ સેક્ટરમાં વહેંચવામાં આવ્યો છે.યાત્રા રૂટ પર અલગ અલગ સ્થળોએ કેમ્પ કરવા માટે નવ છજીઁ અને ઢજીઁ સ્તરના અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે. આ સાથે જ આ વર્ષે પહેલીવાર કેન્દ્ર સરકાર પાસેથી ૧૦ અર્ધલશ્કરી દળોની માગ પણ કરવામાં આવી છે. સૌથી મહત્ત્વપૂર્ણ ટ્રાફિક યોજના અંગે મોટી તૈયારીઓનો દાવો કરવામાં આવ્યો છે.

## અમદાવાદમાં રથયાત્રાની તૈયારીઓ શરૂ, અખાત્રીજે ચંદન પૂજા બાદ રથના સમારકામનો થાય છે પ્રારંભ



અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રાની તૈયારીઓનો અખાત્રીજના દિવસથી શુભારંભ થયો છે. અક્ષય તૃતીયાના પવિત્ર અવસરે જગન્નાથ મંદિરમાં ઐતિહાસિક રથની ચંદન પૂજા વિધિવત રીતે સંપન્ન થઈ. આ પૂજા બાદ રથના સમારકામનું કામ શરૂ કરાયું, જેમાં રથના પૈડાં અને અન્ય ભાગોની મરામતનો સમાવેશ થાય છે. અમદાવાદ શહેરમાં અષાઢી બીજના દિવસે યોજાનારી આ રથયાત્રા માટે તૈયારીઓ જોરશોરથી શરૂ થઈ ગઈ છે. ત્યારે અક્ષય તૃતીયાના પવિત્ર અવસરે જગન્નાથ મંદિરમાં ઐતિહાસિક રથની ચંદન પૂજા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. ચંદનનો ઉપયોગ થતો હોવાથી આ યાત્રા ચંદન યાત્રા કહેવાય છે. આ વર્ષે બે નવી બાબતો જોવા મળશે: (૧) આતંકવાદ દૂર થાય અને આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકો માટે ભગવાન જગન્નાથને પ્રાર્થના કરવામાં આવશે, (૨) ગરમીનો પારો વધતાં ઠંડક મળે તે માટે ભગવાનને લીલા નાળિયેર અને નારિયેળ પાણી અર્પણ કરાયા હતા.

## અંબાજી મંદિરમાં દર્શન-આરતીના સમયમાં ફેરફાર

અંબાજી મંદિરના દર્શન અને સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઋતુ અનુસાર સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં થતા ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓની સગવડતા માટે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.આ સમયગાળા દરમિયાન માતાજીનો અન્નકુટ બંધ રહેશે.શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના નવા સમયપત્રક મુજબ, સવારની આરતી ૭:૦૦થી ૭:૩૦ વાગ્યા સુધી રહેશે. ત્યારબાદ દર્શન સવારે ૭:૩૦થી ૧૦:૪૫ વાગ્યા સુધી ચાલુ રહેશે. બપોરે ૧૨:૩૦થી ૧:૦૦ વાગ્યા સુધી રાજભોગ આરતી થશે, જ્યારે બપોરના દર્શન ૧:૦૦થી ૪:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. સાંજની આરતી ૭:૦૦થી ૭:૩૦ વાગ્યા દરમિયાન રહેશે અને રાત્રે ૭:૩૦થી ૯:૦૦ વાગ્યા સુધી યાત્રાળુઓ દર્શન કરી શકશે, તેમ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ અંગે અંબાજી મંદિર ભટ્ટજી મહારાજ, જયસીલભાઈ ઠાકરે જણાવ્યું હતું કે, 'આજથી એટલે કે અખાત્રીજની આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવે છે. કારણ કે ગ્રીષ્મ ઋતુ એટલે કે ઉનાળાની ઋતુમાં માતાજીને સવાર, બપોર અને સાંજ એમ ત્રણ ટાઈમ સ્નાન વિધિ અને પૂરો શણગાર બદલવામાં આવે છે.

## ગુજરાતના ધરતીપુત્રોએ ઉત્સાહપૂર્વક કરી અખાત્રીજની ઉજવણી, ખેતર ખેડી કરી વાવણીની શરૂઆત



વૈશાખ સુદ ત્રીજને અક્ષયતૃતીયા કહેવામાં આવે છે. આ દિવસે સોના-ચાંદીની ખરીદી પણ વધુ પ્રમાણમાં કરવામાં આવે છે. અક્ષયતૃતીયાના વણજોઈતા મુહુર્તને લઈને આ શુભ દિવસે ઠેર-ઠેર વિવાહ તેમજ લગ્ન સમારંભોનું આયોજન કરવામાં આવ્યું છે. અખાત્રીજના પાવન દિવસે લોકો મિલ્કત, ઝવેરાતની ખરીદી તેમજ શુભકાર્યોનો પ્રારંભ કર્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં ધરતીપુત્રો દ્વારા પણ અખાત્રીજ પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ધરતીપુત્રો દ્વારા અખાત્રીજના દિવસે ખેતર ખેડવાની હળોતરો વિધિ સંપન્ન કરવામાં આવી હતી. જૈન ધર્મમાં પણ આ દિવસ ભગવાન ઋષભદેવ સાથે જોડાયેલો છે. જે પાછળથી આદિનાથ ભગવાન તરીકે પ્રસિધ્ધ થયા હતા. ઉત્તર ગુજરાતમાં વર્ષો જૂની પરંપરા હજુ પણ જીવંત જોવા મળી રહી છે. ખેડૂતોએ ટ્રેક્ટર અને ખેતીના ઓજારોની પૂજાવિધિ કરી સફળ ખેતીની પ્રાર્થના કરી હતી. તો બીજી તરફ ડાંગી આદિવાસીઓ પોતાના પૂર્વજોને યાદ કરીને તેમના નામે ચૂલામાં અગારી પાડે છે, જે પૂર્વજોનું દેવપૂજન કહી શકાય. અખાત્રીજને પૂર્વજોના પૂજનનો તહેવાર પણ કહેવામાં આવે છે. આ ઉપરાંત મહેસાણા અને અરવલ્લી જિલ્લાના ગામોમાં વર્ષોથી ગામના ખેડૂતો સમુહરૂપે ખેતરોમાં જાય છે અને કૃષિ સાધનોની પૂજાવિધી કરી ટ્રેક્ટરોથી ખેતરોમાં ખેડાણ કરે છે અને પછી શ્રદ્ધાપૂર્વક ખેતી સફળ રહે તેવી પ્રાર્થના કરી વાવેતરનો પ્રારંભ કરતા હોય છે. સિદ્ધપુરમાં પણ ગાગલાસણ, સુજાણપુર, કુવારા, ડીડરોલ,તાવડીયા, બિલીયા, લાલપુર સહિતના ગામોમાં ખેડૂતોએ ખેતીના શ્રીગણેશ કર્યા હતા.

## રોબોટ ડોગનું નામ 'ચંપક' રખાતા વિવાદ વકર્યો, નામ ચોરી કર્યાનો દિલ્હી હાઈકોર્ટમાં દાવો



દિલ્હી પ્રેસ ન્યૂઝપેપર પબ્લિકેશન દ્વારા ૨૦૨૫ માં રોબોટ ડોગનું નામ 'ચંપક' રાખવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ૧૯૬૮ થી ચંપક કોમિક બુક પ્રકાશિત થઇ રહ્યું છે. દિલ્હી પ્રેસનું કહેવું છે કે તેનું નામ બાળકોના કોમિક બુક 'ચંપક' પરથી રાખવામાં આવ્યું છે. એટલું જ નહીં, પ્રેસે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં અરજી પણ દાખલ કરી છે. જેમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે બીસીસીઆઈએ રોબોટ ડોગને 'ચંપક' કહીને રજિસ્ટર્ડ ટ્રેડમાર્કનું ઉલ્લંઘન કર્યું છે.બાર અને બેન્ચના અહેવાલ મુજબ, દિલ્હી પ્રેસ વતી એડવોકેટ અમિત ગુપ્તાએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે, 'ચંપક કોમિક બુક બાળકોમાં ખૂબ જ લોકપ્રિય છે અને ક્ઝઝૈં દ્વારા લોન્ચ કરાયેલ છૈં રોબોટ ડોગનું નામ કોમિક બુક પર રાખવું એ મેગઝીનના રજીસ્ટર્ડ નામનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.' ન્યાયાધીશ સૌરભ બેનર્જીએ કહ્યું કે, 'ચંપક હંમેશાથી એક જાણીતું બ્રાન્ડ નામ રહ્યું છે અને ક્ઝઝૈં ને ચાર અઠવાડિયામાં અરજીનો લેખિત જવાબ આપવાનો રહેશે.' કોર્ટે કેસની આગામી સુનાવણી ૯ જુલાઈના રોજ નક્કી કરી છે. આ અરજી દિલ્હી પ્રેસ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવી છે. ડોગની વાત કરીએ તો હાલ આઈપીએલ ચાલી રહી છે. આ સમય દરમિયાન જ તેને લોન્ચ કરવામાં આવ્યું હતું, પરંતુ પાછળથી ફેન્સના વોટિંગના આધારે ૨૩ એપ્રિલના રોજ આ રોબો ડોગનું નામકરણ કરવામાં આવ્યું હતું.

## ભારતને ટેરિફમાં મળશે મોટી રાહત, ટ્રમ્પે દ્વિપક્ષીય વેપાર કરાર મુદ્દે આપ્યા મહત્ત્વના સંકેત




અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે દાવો કર્યો છે કે, ભારત સાથે ટેરિફ મુદ્દે ચાલી રહેલી ચર્ચાઓ સકારાત્મક રીતે આગળ વધી રહી છે. ટૂંકસમયમાં બંને દેશો આ મુદ્દે સમાધાન કરશે. ટ્રમ્પના આ નિવેદનથી ભારતીય નિકાસકારોને રાહત મળી છે. ટ્રમ્પે આ નિવેદન મિશિગનમાં યોજાયેલી એક રેલીમાં ભાગ લેતાં પહેલાં આપ્યું હતું. વ્હાઈટ હાઉસની બહાર પત્રકારો સાથે વાત કરતાં ટ્રમ્પે જણાવ્યું કે, મને લાગે છે કે, અમે ભારત સાથે ટેરિફ મુદ્દે સમાધાન કરીશું. તમે જાણો છો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ સપ્તાહ પહેલાં અહીં આવ્યા હતા, અને તેઓ ટેરિફ મુદ્દે ઉકેલ લાવવા માગે છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી વાટાઘાટો પ્રગતિશીલ ધોરણે આગળ વધી રહી છે.ગત સપ્તાહે જ અમેરિકાના નાયબ રાષ્ટ્રપ્રમુખ જેડી વેન્સ ભારત આવ્યા હતાં. બંને દેશો વેપાર કરાર મુદ્દે યોજાયેલી બેઠક સફળ રહી હતી. ત્યારબાદ ભારત માટે ટૂંકસમયમાં જ રાહતોની જાહેરાત કરવાનો દાવો અમેરિકાના ટ્રેઝરી સચિવ સ્કોટ બેસેન્ટે કર્યો હતો.એક સરકારી અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અમેરિકા સાથે વેપાર કરારમાં લોભામણો પ્રસ્તાવ (સ્વિટનર) સામેલ કરવા જઈ રહી છે. જેથી આ કરાર ભવિષ્યમાં પણ ભારતને સુરક્ષિત રાખે. વધુમાં અન્ય વેપાર કરારની તુલનાએ સૌથી શ્રેષ્ઠ શરતો રજૂ કરવા પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:153**

વિષય:"આતંકવાદ,આત્મરક્ષણ

શીર્ષક:"આતંકવાદ નાં પિતા ગાંધીજી"

પ્રકાર:ગધ્ય. શબ્દો:૨૩૨

આતંકવાદ ને જન્મ આપનાર ગાંધીવાદ છે.ગાંધીજી કહેતા કે તમને એક ગાલે તમાચો મારે તો તમે બીજો ગાલ ધરો. આઝાદી વખત માં મુસલમાનો આતંક મચાવી હિન્દુઓ ને મારી કાઢતાં ત્યાં આપણા હિન્દુઓ સામો પ્રતિકાર કરે તો ગાંધીજી ત્યાં પહોંચી જઈ ઉપવાસ પર ઉતરી જઈ ને હિન્દુઓ ને ઠંડા પાડી દેતાં.

ગાંધીજી અને જવાહરલાલ નહેરુએ વલ્લભભાઈ પટેલ ને કોંગ્રેસ સંસ્થા માં વડાપ્રધાન થવા નાં સૌથી વધારે વોટ મળ્યા હોવા છતાં ગાંધીએ નહેરુ ને વડાપ્રધાન બનાવી વલ્લભબાઈ ને હાંસીયા માં ધકેલી દઈ ને જીવ્યાં ત્યાં સુધી મન માની કરી.ને વોટીંગ પાવર પોતાના તરફી કરવા મુસલમાનો ને આકાથ માં ઊડાડ્યાં અને આપણે ગાધી બાપુ ની જય! ગાતાં ગાતાં મુસલમાનો નાં પગ નીચે ચગડાતાં રહ્યાં.

વલ્લભભાઈ એ બધાં રજવાડા ને એક કર્યા અને નહેરુએ કાશ્મીર ને અલગ રાખ્યું. પોતાને પંડિત કહેતા નહેરુની મહેરબાની હેઠળ મુસલમાનો એ કાશ્મીર માંથી બધાં પંડિતો ને ભગાડ્યાં ને કાશ્મીર આતંકવાદ નું સ્વીટઝરલેન્ડ થઈ ગયું. તેમનાં ટારગેટ પ્રમાણે તેઓ હુમલા કરી હિન્દુઓ ની કતલ કરી કાશ્મીર માં સંતાઈ જતાં.

આવા આતંકવાદ સામે આત્મ રક્ષણ આપણે મેળવવા નું હોય અને આત્મ સરંક્ષણ સરકારે આપવા નું હોય કે જે કોન્ગ્રેસ સરકારે કર્યું જ નહીં.

હવે મોદી ને યોગી સરકાર ના રાજ માં તેઓ હિન્દુઓ થી ગભરાતા ચાલે છે.છતાંપણ છમકલાં કરતાં રહે છે. પહેલગાંવ નો આ વખત નાં હુમલા નો મોદી કેવો જવાબ આપે છે તે સમય જ બતાવશે.

જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :? 334**

વિષય:આતંકવાદ, આત્મરક્ષણ

આત્મસંરક્ષણ.

શીર્ષક: ખામોશી છવાઈ ગઈ

પ્રકાર: પદ્ય શબ્દો: ૮૦

કર્યો પહેલગામ હુમલો નિર્મમ આતંકવાદીઓએ,
કાશ્મીરની બૈસરન ખીણમાં ખામોશી છવાઈ ગઈ.

ઉનાળાની રજાઓ માણવા ગયેલા યાત્રાળુઓ પર,
આતંકવાદીઓનો ભય ફેલાતાં ખામોશી છવાઈ ગઈ.

કરી નહોતી કલ્પના કે વાદીઓમાં હિંસા ખેલાશે,
ધર્મના નામે ગોળીએ દેતાં ખામોશી છવાઈ ગઈ.

નથી હોતી આતંકવાદીઓને કોઈ કરુણા માનવજાત પર,
નિર્દોષોની અચાનક જાન લેવાતાં ખામોશી છવાઈ ગઈ.

ક્યાં સુધી મોતનો ખેલ ખેલાતો રહેશે આ અવનિ પર,
માનવતાના નામે મીંડુ વળતાં ખામોશી છવાઈ ગઈ.

કરીએ આત્મરક્ષણ આતંકવાદી તત્વોનો સફાયો કરીને,
ભારતવાસીના દિલે વજઘાત થતાં ખામોશી છવાઈ ગઈ.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO ::226**

વિષય:આતંકવાદ,

આત્મરક્ષણ.આત્મસસંરક્ષણ

શિર્ષક: આતંક ને આતંકવાદી

રચના: પદ્ય શબ્દો :૧૦૫

?ખુન્નસ ભર્યું જેના હૃદયમાં એ તો છે આતંકવાદી.
નહીં લાજ કે શરમ કોઈપણ એ તો છે આતંકવાદી.

ઝનૂનમાં હો સદાય લથપથ એ તો છે આતંકવાદી.
વગર વાંકે હણતા જે નિર્દોષ એ તો છે આતંકવાદી.

દશે દિશામાં ફેલવે જે આતંક એ તો છે આતંકવાદી.
એટલો જ ધ્યેય દિલમાં રાખે એ તો છે આતંકવાદી.
'મારું ને મરું' નિર્ણય જેનો એ તો છે આતંકવાદી.
દિલમાં ઝેર જેના છે ભરપુર, એ તો છે આતંકવાદી.
હા નરરાક્ષસોથી ભૂંડા જેઓ એ તો છે આતંકવાદી.
ના કદીયે માફી લાયક જેઓ એ તો છે આતંકવાદી.
કરવો સદા વિશ્વે બહિષ્કાર જેનો એ છે આતંકવાદી.
આજે સારા જંગમાં ભેલાયો જુઓ સર્વે આતંકવાદી

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 390**

વિષય :- આતંકવાદ, આત્મરક્ષણ, આત્મ સંરક્ષણ

શિર્ષક :- ★આતંકવાદ નો નાશ કરવામાં દેશવાસી ની ભૂમિકા★

રચના :- ગદ્ય. શબ્દ :- ૩૨૧

આતંકવાદનો નાશ કરવામાં દેશવાસીઓની ભૂમિકા

આતંકવાદ એ આજના યુગની એક વિકટ સમસ્યા છે, જે માનવતા, શાંતિ અને સામાજિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે. આ સમસ્યાનો સામનો કરવા માત્ર સરકાર, પોલીસ અને સુરક્ષાબળો જ નહીં, પરંતુ સામાન્ય દેશવાસીઓ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. લોકશાહી અને સામૂહિક જવાબદારીના સિદ્ધાંત પ્રમાણે, આતંકવાદના નાશ માટે સમાજની સક્રિય ભાગીદારી આવશ્યક છે.

૧. જાગૃતિ અને જાણકારી:-

આતંકવાદનો મુકાબલા કરવા સૌપ્રથમ જાગૃતિ જરૂરી છે. દરેક નાગરિકે આતંકવાદના ઉદ્દેશ્યો, પદ્ધતિઓ અને તેના પરિણામો વિશે જાણકારી હોવી જોઈએ. સામાજિક માધ્યમો, શૈક્ષણિક કાર્યક્રમો અને સમુદાય સભાઓ દ્વારા લોકોને જાગૃત કરી શકાય છે. શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને ભરોસા ન પાત્ર વર્તન વિશે સતર્ક રહેવું જોઈએ.

૨. સુરક્ષા અધિકારીઓને સહકાર:-

જો કોઈ વ્યક્તિ કે સમૂહ આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંકળાયેલો હોવાનો શક્યાર્થ દેખાય, તો તરત જ પોલીસ અથવા સુરક્ષા એજન્સીઓને જાણ કરવી જોઈએ. ગુપ્ત માહિતી આપવાથી મોટા અપરાધો અટકાવી શકાય છે. "સતર્ક નાગરિક" જેવી યોજનાઓ દ્વારા લોકોને આતંકવાદ વિરુદ્ધ સક્રિય બનાવી શકાય છે.

૩. સામાજિક એકતા અને સાંસ્કૃતિક સુમેળ:-

આતંકવાદી શક્તિઓ ઘણી વખત સામાજિક ભેદભાવ અને ધાર્મિક તનાવને ભડકાવે છે. આવી પરિસ્થિતિમાં, દેશના નાગરિકોએ એકબીજા સાથે મળીને સાંસ્કૃતિક સુમેળ, સહિષ્ણુતા અને ભાઈચારો જાળવવો જોઈએ. સમાજમાં વિભેદક શક્તિઓને પગરસ્તો ન મળે તે માટે સામૂહિક પ્રયત્નો જરૂરી છે.

૪.:- યુવાઓને સાચી દિશા આપવી

આતંકવાદી સંસ્થાઓ ઘણી વખત યુવાનોને ગેરમાર્ગે દોરે છે. આથી, યુવા પેઢીને શિક્ષણ, રોજગાર અને સામાજિક કલ્યાણની સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંગઠનો અને પરિવારો દ્વારા યુવાનોને દેશભક્તિ અને માનવતાના મૂલ્યો સાથે જોડી શકાય છે.

૫. ટેકનોલોજીનો ઉપયોગ:-

આધુનિક ટેકનોલોજી, જેવી કે સોશિયલ મીડિયા, આતંકવાદ વિરુદ્ધ જાગૃતિ ફેલાવવામાં મદદરૂપ છે. લોકો ગેરજરૂરી અફવાઓ અને ભ્રામક પ્રચારથી સાવધાન રહી શકે છે. ટેકનોલોજીનો ઉપયોગ કરીને લોકો સુરક્ષા અધિકારીઓ સાથે સીધો સંપર્ક સ્થાપિત કરી શકે છે.

નિષ્કર્ષ:-

આતંકવાદના નાશ માટે દરેક નાગરિકની સહભાગિતા આવશ્યક છે. જાગૃતિ, સહકાર, સામાજિક એકતા અને યુવાઓના માર્ગદર્શન દ્વારા આપણે આ સામૂહિક શત્રુને હરાવી શકીએ છીએ. "સતર્કતા જ સુરક્ષા છે" એ સિદ્ધાંતને અનુસરીને દરેક વ્યક્તિ દેશની સુરક્ષામાં યોગદાન આપી શકે છે.

ઉર્વી ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 388**

શીર્ષક : મીની સ્વિટ્ઝર્લેન્ડ

વિષય : આતંકવાદ

પ્રકાર : પદ્ય શબ્દો : ૧૬૨

ભારત ની ધરતી પર નું એ સ્વર્ગ,
ક્યારે આતંકી લોકો નો અડ્ડો બની ગયું.
આનંદ કિલ્લોલ કરતુ એ કુદરત નું સૌંદર્ય,
ક્યારે નરક ની યાતના નો પરિચય બની ગયો.

પર્યટકો નું મનગમતું સુંદર નગર,
ક્યારે મૌત તેનું તાંડવઃ ક્ષણભર માં કરી ગયું .
નરપિશાચો નો આ જીવંત ચહેરો,
ક્યારે કાળો કેર બની ભરખી ગયો?

હસતું રમતું આ અદભુત શહેર,
ક્યારે આતંકવાદ ની પરિભાષા બની ગયું.
સામાન્ય પ્રશ્ન એક એક ભારતીય નો,
ક્યારે ચિંતા નો વિષય બની ગયો?

કેટલા નું મૃત્યુ થયું? કેટલા અનાથ થયા?
કેટલી સ્ત્રીઓ વિધવા બની? કેટલા અનંત યાત્રા એ ગયા?
એક જ સમાચાર વર્ષ માં કેટલી વખત સાંભળવા,
તે જાણે કોઈ સામાન્ય પ્રશ્ન બની ગયો.

"સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા"
આ વિશ્વાસ જાણે ભૂતકાળ નું સંભારણું બની ગયું.
ભારત નું મીની સ્વિટ્ઝર્લેન્ડ,
અમારા જ ભારત નું અંગ છે,
તે કહેતા જ જાણે કોઈ અંધારપટ છવાઈ ગયો.

ફાલ્ગુની સાંગાણી ઓડેદરા

પોરબંદર, ગુજરાત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS**

આભાર - નિહારીકા રવિયા ર્દ.૦૧૦૧

વિષયઃ આંતકવાદ,આત્મરાક્ષણ-આત્મસંરક્ષણ

શીર્ષકઃ પાકિસ્તાન હવે તારું આવી બન્યું!

પ્રકાર : ગદ્ય લેખ શબ્દોઃ ૩૩૮

આંતકવાદ એક એવી સમસ્યા, એવી માનસિકતા છે જેમાં આંતક, ભય, દહેશત અને અન્ય માધ્યમોથી લક્ષ્યને પ્રાપ્ત કરવાનો અનુચિત માર્ગ અપનાવવામાં આવે છે. આજે આંતકવાદ દુનિયાના મોટાભાગના દેશોમાં ફેલાયો છે. દક્ષિણ એશિયાના દેશોમાં ખાસ કરીને ભારત પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં આંતકવાદ હાવી થઈ ગયો છે. ભારત પાકિસ્તાનના રાજદ્વારી સંબંધો હંમેશા તણાવપૂર્ણ રહ્યાં છે. આ તણાવનું મુખ્ય કારણ કાશ્મીર છે. પાકિસ્તાન યુદ્ધમાં ક્યારેય ભારત પર વિજય પ્રાપ્ત ન કરી શકે એટલે છદ્મ રૂપથી કાશ્મીર વેલીમાં અને ભારતમાં આંતકવાદનો ઉપયોગ હથિયાર તરીકે કરે છે. પરોક્ષ યુદ્ધ લડે છે.

આંતકવાદ એવી વિચારધારા છે કે જે રાજનૈતિક ઉદેશયોની પ્રા પ્તિ માટે અસ્ત્રો-શસ્ત્રોના ઉપયોગ પર વિશ્વાસ રાખે છે. શસ્ત્રોનો ધ્રુણીત ઉપયોગ મોટેભાગે વિરોધી દળ, સંપ્રદાયને ભયભીત કરવા અને તેના પર કાબૂ મેળવવાના આશયથી કરવામાં આવે છે. પાકિસ્તાન પોતાનાં રાજનૈતિક રોટલાં શેકવા, તેના હલકા સ્વાર્થની પૂર્તિ માટે આંતકવાદને ગેરકાનૂની પ્રવૃતિઓ દ્વારા હિંસાના માધ્યમથી પોતાના દેશના શાસન પર પ્રભુત્વ જમાવી રાખવાનો પ્રયાસ ત્યાંનું લશ્કરી દળના વડાઓ કરે છે.

અત્યારે પાકિસ્તાનની આર્થિક હાલત અત્યંત નાજુક છે અને તેમના દેશમાં આંતરિક અસંતોષનો ચરુ ઉકળી રહ્યો છે તેથી દેશના લોકોનું ધ્યાન વાળવા કાશ્મીરમાં સતત આંતકી પ્રવૃતિઓ જુદા જુદા આતંકી ગ્રુપો દ્વારા કાશ્મીરમાં અસ્થિરતા સર્જવાનો પ્રયત્ન કરે છે, સદા પ્રયત્નશીલ રહે છે.

આ રીતે આતંકવાદ એને કહેવાય જેમાં થોડા લોકો પોતાના અનુચિત માંગો મનાવવા માટે ભયંકર હિંસાત્મક અને અમાનવીય સાધનોનો પ્રયોગ કરે છે.

વર્તમાન સમયમાં લગભગ આખું વિશ્વ આંતકવાદની મહામારીની ઝપટમાં આવી ગયું છે. રાજનૈતિક સ્વાર્થોની પૂર્તિ કરવા માટે સાર્વજનિક હિંસાનો માર્ગ અપનાવે છે.

કાશ્મીરમાં ૧૯૯૦થી પરિસ્થિતિ વણસી છે. કાશ્મીર અને દેશના અનેક ભાગોમાં જેવાકે પંજાબ, બિહાર, આસામ બંગાળના પ્રાંતોમાં છેલ્લા સાડા ત્રણ દાયકાથી આંતકવાદીઓએ વ્યાપક પ્રમાણમાં આંતક ફેલાવ્યો છે.

કાશ્મીરની સમસ્યાનું સમાધાન ન થવાને કારણે આંતકવાદ વકર્યો છે. પાકિસ્તાન કાશ્મીરની બહુસંખ્યક મુસ્લિમ આબાદીને ઉશ્કેરવાનું કામ કરી અલગતાવાદ અને આંતકવાદને પોષી રહ્યું છે.

તાજેતરમાં પહેલગામ પર થયેલો નિર્દોષ યાત્રીઓની હત્યા કરતાં હુમલાએ ભારતમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે. આત્મરક્ષણ અને આત્મસંરક્ષણ માટે પાકિસ્તાનને હવે કાયમ માટે તે આંતકી પ્રવૃત્તિ બંધ કરી દે, સમાપ્ત થઈ જાય એવો જવાબ આપવા સરકાર અને પ્રજા કટિબદ્ધ થઈ ગઈ છે.

ભારતના તમામ ધર્મના નાગરિકોની એકતા આ વખતે એક થઈ પાકિસ્તાનનું નામોનિશાન મિટાવી દેશે. બહુ થયું હવે.

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**

વિષય આતંકવાદ

શીર્ષક સળગતો સવાલ

ગદ્ય શબ્દો ૧૫૦

——

૨૧મી સદીનો ફાટી નિકળેલો આ અસાધ્ય રોગ છે. સમગ્ર વિશ્વ તેનાથી ગ્રસિત જણાય છે. જેની દવા અથવા વેકસિન ક્યારે શોધાશે એ ખબર નથી.

માથા ફરેલ કેટલાક માનવીના કૃત્યો વિના વાંકે નિર્દોષ વ્યક્તિઓના પ્રાણ લે છે. તેમને ગળથૂથીમાં ધિક્કાર અને દુશ્મનાવટ આપી ઝનૂની બનાવાય છે.

મોટેભાગે મુસ્લિમ પ્રજા સક્રિય છે. તેનો અર્થ એવો ન કરાય કે બધા મુસ્લિમ ગેરમાર્ગે વળ્યા છે. જો કે તેના વિરુદ્ધ અવાજ ઉઠાવવામાં તેઓ અમરફળ રહ્યા છે.

તાજેતરમાં બનેલી કાશ્મીરની ઘટના સમગ્ર વિશ્વને હલાવી ગઈ છે.

કેવો બેહૂદો પ્રશ્ન પૂછ્યો? કેવી બેરહમીથી તેમને બંદૂકના નિશાન બનાવ્યા? ''જાણે માનવતા મરી પરવારી ન હોય'' ?

'' શું વાંક હતો? કયો જુલમ આચર્યો હતો? શું પામ્યા?''

આવા એકપણ સવાલનો જવાબ નથી. જનાર વ્યક્તિની પાછળ સહેવી પડશે એ યાતનાનો અંદાઝ નથી ?

''જાગો, ઉઠો, એકત્ર બનીએ''! સમગ્ર વિશ્વને આ '' આતંકવાદના ઓળાથી'' મુકત કરીએ.

આ સળગતો પ્રશ્ન કેટલા નિર્દોષોના પ્રાણ હરશે?

ઘાતકી, ક્રૂર , નરાધમ આાતંકવાદી અને આતંકવાદને જડમૂળથી ઉખાડવાની પ્રતિજ્ઞા લઈએ.

પ્રવિણા કડકિઆ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.343**

વિષય:- આતંકવાદ

શીર્ષક :- આતંકનો અજગર

પ્રકાર :- પધ શબ્દો:-૮૫

જમ્મુ કાશ્મીર સ્વર્ગ ભૂમી રૂપે પ્રખ્યાત ભારત દેશનું શિરમોર અતુટ અભિન્ન અખંડ અંગ,
જમ્મુ કાશ્મીરનાં સ્વર્ગને આતંકનાં અજગરથી નરક બનાવવા સમયે બદલાઈ જુદા જુદા રંગ,
ધર્મનાં નામે નિર્દોષોની હત્યા કરી આતંકવાદીઓ એ માણસાઈ મૂકી કર્યા સમગ્ર વિશ્વને દંગ,
અખંડિત ભારતને ધર્મ જાતિ આતંકનાં નામે તોડવા કરો નહીં કોઈ કલંકિત કૃત્યરૂપે કુસંગ,
વિવિધતામાં એકતા સર્વ ધર્મ સમભાવને કોઈ ધર્મની ટીકા ટિપ્પણી કરો નહીંનો સંદેશ છે ભારત દેશ સંગ
' ચંદ્ર ' ની જેમ ગ્રહણનાં અંધકારરૂપી આતંકને દૂર કરી ઉજ્જવળ થઇ ભારત જીતશે આખરી જંગ.

ચંદ્ર ' ચંદ્રકાન્ત હરીલાલ માઢક

(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G.S.S.No. 387**

વિષયઃ આતંકવાદ, આત્મ સંરક્ષણ, આત્મ રક્ષણ

શિષૅકઃ વૈશ્ર્વિક સમસ્યા

પ્રકારઃ ગદ્ય, શબ્દો:૨૩૧

"ભારત નું સ્વર્ગ કાશ્મીર કહેવાય છે,
સ્વર્ગ આટલું લોહીયાળ ક્યારેય ન હોય"-૨૦/૪/૨૫

સૌ પ્રથમ તો આપણા અનેક દેવી દેવતાઓ જ આપણને આત્મ સંરક્ષણ ના પાઠ શીખવે છે.દરેક દેવી, દેવતાઓ પાસે શસ્ત્ર અને વાહન હોય જ છે.

મંત્ર, જાપ, અનુષ્ઠાન,યજ્ઞ, કે સમાધિ (ધ્યાન) જેવા સકારાત્મક કાયૅ માં વિઘ્ન રુપ થતાં આતતાયી (દાનવો,આતંકી, દુશ્મનો) ને સામે એમણે ના છુટકે સ્વ રક્ષણ માટેના શસ્ત્રો ઉઠાવી યુદ્ધો કરી અસુરો,આતંકી ઓ ને મારી ને સુરક્ષા સ્થાપી જ છે.

આપણી સામે રામાયણ, મહાભારત, નવરાત્રી વગેરે અનેક ઉદાહરણો છે જ.પણ આપણે તેમાંથી શીખ ક્યારે લયીશુ ? સૌનું પેપર સૌ તપાસે.

ગીતા ક્યારેય નિષ્ક્રિય કે નિર્માલ્ય રહેવાનું નથી શીખવતી.તે ધર્મ ની સાથે કમૅ પણ શીખવે છે.ખુદ ભગવાને પણ મંત્ર, ધ્યાન થી અસુરો ને (આતંકી)મહાત નથી કયૉ.પણ સતકૅતા સાથે યુધ્ધો લડી ને સુરક્ષા, શાંતિ સ્થાપેલ છે.દરેકે વ્યક્તિગત રોલ પ્લે કરવો પડે.

સ્વાસ્થ્ય, કુટુંબ, સમાજ, રાજય કે રાષ્ટ્ માટે જેઓ નડતરરૂપ છે તેનો સમયસર નાશ ન કરી એ તો ઘણું નુકસાન વેઠવું પડે.આ ન પોસાય તો નક્કર પગલાં લેવા પડે.

"આતંક" માત્ર ભારત ની જ સમસ્યા નથી.એવન ગણાતા અમેરિકા પણ બાકાત નથી.ડબલ્યુ.ટી.સી.ટાવર!!

આ વૈશ્વિક સમસ્યા નો જડબાતોડ ઉકેલ લાવવો જ પડે, તો જ માનવજાત સુરક્ષિત રીતે રહી વિકાસ કરી શકે.

તીર્થો ના પાણીમાં અસ્થિ ઝબોળિયા,
મંદિરે મંદિરે ખૂબ હાથ જોડયા,
જોડેલા હાથ હવે છોડીને દોડી ને પ્રભુ તણા (માનવ સુરક્ષા) કામે લગાડજો.

પુનિતા બેન દવે -મણિનગર અમદાવાદ.

ગુજરાત સરકાર

# ૧લી મે, ૨૦૨૫
# ગુજરાત ગૌરવ દિવસની
## સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ





ગુજરાત ગૌરવ દિવસ પંચમહાલ ૨૦૨૫



ભવ્ય ગુજરાત, દિવ્ય ગુજરાત

**જય જય ગરવી ગુજરાત**

## પંચમહાલને ₹**૬૫૦ કરોડ**થી વધુની રકમના કુલ **૮૫** વિકાસકાર્યોની ભેટ

ગુજરાતના માનનીય રાજ્યપાલ

**શ્રી આચાર્ય દેવવ્રતજી**

સમારોહનું અધ્યક્ષસ્થાન શોભાવશે

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની

પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત ગૌરવ દિવસના વિવિધ કાર્યક્રમોનું આયોજન

તારીખ ૧–૫–૨૦૨૫, ગુરુવાર

**પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરીનું લોકાર્પણ**
**સમયઃ** સવારે ૧૦:૧૦ વાગે
**સ્થળઃ** પંચામૃત ડેરી પાસે, ગોધરા.

**લોકાર્પણ અને ભૂમિપૂજન તથા શસ્ત્ર પ્રદર્શન**
**સમયઃ** સવારે ૧૦:૩૦ વાગે
**સ્થળઃ** રામ દરબાર મંદિર પાસે, છબનપુર, ગોધરા–લુણાવાડા રોડ, ગોધરા.

**પોલીસ પરેડ નિરીક્ષણ**
**સમયઃ** સાંજે ૬:૦૦ વાગે
**સ્થળઃ** વાવડી ચોકડી પાસે, ગોધરા–બામરોલી રોડ, ગોધરા.

**સાંસ્કૃતિક કાર્યક્રમ**
**સમયઃ** સાંજે ૭:૩૦ વાગે
**સ્થળઃ** એસ.આર.પી. ગ્રાઉન્ડ, પંચામૃત ડેરી પાસે, ગોધરા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.